# જાણો કે એનર્જી બિલ કેટલા હોવા જોઈએ

## સ્માર્ટ મીટર કેવી રીતે તમને અને તમે જેની સંભાળ રાખો છો તેમની મદદ કરી શકે



carersUK
making life better for carers

smart meters
Join the energy revolution

## સ્માર્ટ મીટર અને સંભાળ પ્રદાતા

સ્માર્ટ એનર્જી GB ખાતે, અમે સંભાળકર્તાઓને સ્માર્ટ મીટર વિશે, અને તે પોતાને અને તેઓ જેની સંભાળ રાખે છે તેમને કેવી રીતે ફાયદો કરાવી શકે તે વિશે વધુ સમજવામાં સહાયતા માટે કેરર્સ UK સાથે મળીને કામ કરીએ છીએ.

## સ્માર્ટ મીટર તમને અને તમે જેની સંભાળ રાખો છો તેમને મદદ કરી શકે છે

હાલમાં, આપણાંમાંના ઘણા લોકો ઊંચા ઉર્જા બિલથી ચિંતિત છીએ. અને જ્યારે તમે કોઈની સંભાળ લઈ રહ્યા હો, ત્યારે તમારે તેમના બિલનું પણ વિચારવાનું હોય છે. સ્માર્ટ મીટર મદદ કરી શકે છે.

સ્માર્ટ મીટર સાથે એક ઇન-હોમ ડિસ્પ્લે આવે છે. ઇન-હોમ ડિસ્પ્લેને ક્યારેક IHD પણ કહેવાય છે. તે દર્શાવે છે કે ઘરમાં કેટલી ઉર્જા વપરાઈ રહી છે અને તેનો કેટલો ખર્ચ આવી રહ્યો છે.

એનો અર્થ એમ કે તમને ખબર હશે કે તમારા ઉર્જા બિલ કેટલા હોવા જોઈએ, જે તમારા અથવા તમે જેમની સંભાળ લો છો તેમના બજેટને સંતુલિત કરવામાંથી કેટલાક અંદાજ લગાવવાની કસરતો દૂર કરી શકે છે.

આ જ માહિતી તમને, અથવા તમે જેમની સંભાળ લો છો તે વ્યક્તિને એ નક્કી કરવામાં મદદ કરી શકે છે કે ક્યારે હીટિંગ ચાલુ કરવું જેથી તેઓને હૂંફાળા રહેવાની ખાતરી કરી શકાય. અથવા જ્યારે કોઈ વસ્તુ ભૂલથી ચાલુ રહી ગઈ હોય ત્યારે તમને તે પકડવામાં મદદ કરી શકે છે - જેથી તમે ખાતરી કરી શકો કે તમે જેમને સપોર્ટ કરો છો તે ભૂલમાં કોઈ ઉર્જા નથી વાપરી રહ્યા.



## સ્માર્ટ મીટર તમને અન્ય રીતે પણ મદદ કરી શકે છે

સ્માર્ટ મીટર તમારા વર્તમાન મીટરની જેમ જ તમે કેટલી ઇલેક્ટ્રિસિટી અથવા ગેસ વાપરો છો તે રેકોર્ડ કરે છે. પરંતુ સ્માર્ટ મીટર સાથે, રીડિંગ સીધા જ અને સુરક્ષિત રીતે તમારા એનર્જી સપ્લાયરને મોકલવામાં આવે છે. જેથી, તમારે - અથવા તમે જેમની સંભાળ લો છો તેમણે મીટર વાંચવા માટે સીડી ચઢવાની કે કબાટમાં ઝૂકીને જવાની જરૂર પડતી નથી. એટલે કે તમારી વ્યસ્ત કામગીરીની સૂચિમાંથી એક વસ્તુ ઓછી થઈ જશે.

> **"હું ભલામણ કરીશ કે પોતાના સગા-સંબંધીની સંભાળ રાખતા હોય તેવા અન્ય લોકો પણ સ્માર્ટ મીટર મેળવે. હું બિલનો ટ્રેક રાખી શકું છું. આ બધું જ તેણીને ચિંતા-મુક્ત થવામાં મદદ કરે છે."**

સારાહ, તેની મમ્મી જિનની સંભાળકર્તા છે



# સ્માર્ટ મીટર કેવી રીતે કાર્ય કરે છે



1. સ્માર્ટ મીટર તમારા ઊર્જાના વપરાશની સાથે જ, તેને રેકોર્ડ કરે છે.



2. IHD દર્શાવે છે કે તમે કેટલી ઉર્જા વાપરી રહ્યા છો, અને તમે કેટલો ખર્ચ કર્યો છે.



3. સ્માર્ટ મીટર તેના રીડિંગ તમારા એનર્જી સપ્લાયરને આપમેળે મોકલે છે.



4. તમે વાપરેલ ગેસ અને વીજળીની માત્રાને આધારે તમે બિલ મેળવશો.

સ્માર્ટ મીટર ઇન્ટરનેટ સાથે જોડાયેલ નથી હોતા. કે પછી ઇન-હોમ ડિસ્પ્લે પણ ઇન્ટરનેટ સાથે જોડાયેલ નથી હોતી. તેથી તેને મેળવવા માટે ઇન્ટરનેટ ઍક્સેસ જરૂરી નથી.

કેટલી ઉર્જા વપરાઈ રહી છે તે ફક્ત તમે, તમે જેમની સંભાળ લો છો તે અને એનર્જી સપ્લાયર જ જોઈ શકશે.

એનર્જી સપ્લાયરને ફક્ત કેટલી ઉર્જા વપરાઈ રહી છે અને ક્યારે તે જ માહિતી મોકલવામાં આવે છે. સપ્લાયર શું પ્લગ-ઇન કરેલ છે, અથવા વોશિંગ મશીન ક્યારે ચાલુ છે તે જોઈ શકતા નથી!

## પ્રિ–પે સ્માર્ટ મીટર

જો તમે જેમને સપોર્ટ કરો છો તે વ્યક્તિ પ્રિ-પે મીટર પર છે, તો તેઓ સ્માર્ટ મીટર મેળવી શકે છે. પ્રિ-પે સ્માર્ટ મીટર સાથે, તમે ઓનલાઇન અથવા મોબાઇલ ફોનથી કે પછી દુકાન પરથી પણ ટોપ-અપ કરાવી શકો છો. પ્રિ-પે સ્માર્ટ મીટર સાથે એક ઇન-હોમ ડિસ્પ્લે આવે છે જે દર્શાવે છે કે ટોપ-અપ ક્યારે કરવાનું છે.



## તમે કેટલી ઉર્જા વાપરી છે તે જોવું

ઇન-હોમ ડિસ્પ્લે દર્શાવે છે કે તમે જેમની સંભાળ લો છો તે વ્યક્તિએ કેટલી ઉર્જા વાપરી છે અને તેનો ખર્ચ કેટલો થયો છે. તમે એ પણ જોઈ શકો છો કે તેમણે આજે, આ અઠવાડિયે કે આ મહિને કેટલો વપરાશ કર્યો છે.

જો તમે જેમને સપોર્ટ કરો છો તેમની પાસે ફક્ત ગેસ માટે જ સ્માર્ટ મીટર હોય, તો ઇન-હોમ ડિસ્પ્લે તેમણે કેટલો ગેસ વપરાશ કર્યો છે તે જ દર્શાવશે. જો તેમની પાસે ફક્ત ઇલેક્ટ્રિસિટી માટે જ સ્માર્ટ મીટર હોય, તો ઇન-હોમ ડિસ્પ્લે તેમણે કેટલી ઇલેક્ટ્રિસિટી વાપરી છે તે જ દર્શાવશે.

સ્માર્ટ મીટર ઘરમાં ઉર્જા બચાવવામાં મદદ કરી શકે છે, પરંતુ તે આપમેળે નથી થતું. ઘણા સંભાળકર્તાઓને ઇન-હોમ ડિસ્પ્લે મદદરૂપ લાગે છે. તે તમને અને તમે જેમને સપોર્ટ કરો છો તે વ્યક્તિને તેમના ઉર્જા વપરાશ વિશે વધુ માહિતી જાણવાની સુવિધા આપે છે. જેથી તમે બંનેને ઉર્જા અને પૈસા બચાવવા પર કામ કરવામાં મદદ મળે.

ઉદાહરણ તરીકે, સારાહ, જે તેની માતા જીનની સંભાળ રાખે છે, તેણી કહે છે:

> **“ તમે કેટલો પાવર વાપરી રહ્યા છો તે વાસ્તવિક સમયે જોવામાં તે મદદ કરે છે. જો કઇંક ભૂલથી ચાલુ રહી ગયું હોય, તો તમને તેની તરત જ ખબર ન પણ પડી શકે, પણ તે તમને ઇન-હોમ ડિસ્પ્લેમાં જોઈ શકો છો. તે મમ્મીને વધુ સ્વતંત્ર બનાવે છે.”**




આ ચિત્ર એક લાક્ષણિક ઇન-હોમ ડિસ્પ્લે કેવી દેખાય છે તે દર્શાવે છે.

## ઍક્સેસિબલ ઇન–હોમ ડિસ્પ્લે (AIHD)

કેટલાક એનર્જી સપ્લાયરો ઇન-હોમ ડિસ્પ્લેનું ઍક્સેસિબલ વર્ઝન પણ આપતા હોય છે, જેને ક્યારેક AIHD કહેવાય છે. તેમાં એવી સુવિધાઓ હોય છે જે તમને અથવા તમે જેમની સંભાળ લો છો તેમને મદદ કરી શકે છે. ઉદાહરણ તરીકે, તેમાં મોટા બટન હોય છે અને તે માહિતીને મોટેથી વાંચી શકે છે.

AIHD તમારા માટે મદદરૂપ થઈ શકે છે, જો તમે અથવા તમે જેમને સપોર્ટ કરો છો તે વ્યક્તિ:

- અંધ અથવા આંશિક દ્રષ્ટિ ધરાવતા હોય
- તમારા હાથ અથવા કાંડાનો ઉપયોગ કરવામાં મુશ્કેલી ધરાવતા હોય, અથવા
- સ્મૃતિની સમસ્યા ધરાવતા હોય

તમારા એનર્જી સપ્લાયરને ઍક્સેસિબલ ઇન-હોમ ડિસ્પ્લે અંગે પૂછપરછ કરો.




આ ચિત્ર એક લાક્ષણિક ઍક્સેસિબલ ઇન-હોમ ડિસ્પ્લે કેવી દેખાય છે તે દર્શાવે છે.

## સ્માર્ટ મીટર મેળવવું

સ્માર્ટ મીટર ગેસ અને ઇલેક્ટ્રિસિટી સપ્લાયર દ્વારા ઇન્સ્ટોલ કરવામાં આવે છે. તેઓ તમારા જૂના એનર્જી મીટરને બદલે છે, અને આ સલામત અને સુરક્ષિત રીતે કરે છે. ગ્રાહકને તેનો કોઈ વધારાનો ખર્ચ થતો નથી.

**તે આ રીતે કાર્ય કરે છે:**

1. સ્માર્ટ મીટર ઇન્સ્ટોલ કરવા માટેની તારીખ અને સમય નક્કી કરવા માટે તમારા એનર્જી સપ્લાયરનો સંપર્ક કરો.

   મોટા ભાગના કિસ્સામાં, તમે જેમને સપોર્ટ કરો છો તે વ્યક્તિ માટે એપોઇન્ટમેન્ટ નક્કી કરી શકો છો, પણ સપ્લાયર તમને કેટલાક સુરક્ષા પ્રશ્નો પૂછી શકે છે.

   તમે ખાતરી કરી શકો છો કે એ સમયે તમે પણ ત્યાં હાજર હોઈ શકો. સપ્લાયરે એ તપાસવું જોઈએ કે શું ગ્રાહકની - તમે જેની સંભાળ લો છો તે વ્યક્તિની - કોઈ ચોક્કસ જરૂરિયાતો છે, જેમ કે સંભાળકર્તાની ત્યાં જરૂર હોવી.

2. મીટર ઇન્સ્ટોલ કરનાર વ્યક્તિ નક્કી કરેલ સમયે ત્યાં આવશે અને તમને, અથવા તમે જેની સંભાળ લો છો તે વ્યક્તિને તેમનું આઇડી દર્શાવશે. જો તેઓ તમને આઇડી ન બતાવે, તો તમે તે જોવા માટે માંગી શકો છો.

3. તેઓ વર્તમાન મીટરને ડિસ્કનેક્ટ કરશે અને સ્માર્ટ મીટર સાથે બદલશે.

4. સ્માર્ટ મીટર કામ કરતું થઈ જાય પછી ઇન્સ્ટોલ કરનાર વ્યક્તિ તમને અને તમે જેની સંભાળ લેતા હો તેમને ઇન-હોમ ડિસ્પ્લેનો ઉપયોગ કરતાં શીખવશે.

કેટલાક ઘરો હજી સ્માર્ટ મીટર મેળવવા તૈયાર નથી પણ રોલઆઉટના અંત પહેલા તેને મેળવવા સક્ષમ બની જશે. એનર્જી સપ્લાયર તમને જણાવી શકે છે કે તમે જેમની સંભાળ લો છો તે સ્માર્ટ મીટર મેળવી શકે કે કેમ. તેઓ તમને એ પણ કહી શકશે કે કેટલી જલ્દી તેને ઇન્સ્ટોલ કરાવી શકાશે.

**મહત્વપૂર્ણ**

- સ્માર્ટ મીટર ઇન્સ્ટોલ થાય ત્યારે કોઈકે ઘરે રહેવું જરૂરી છે. તે તમે પોતે, તમે જેમની સંભાળ લો છો તે વ્યક્તિ અથવા બંને હોઈ શકે છે

- જો તમે સંભાળકર્તા તરીકે સપ્લાયરને જાણ કરેલી હોય કે જ્યારે સ્માર્ટ મીટર ઇન્સ્ટોલ થાય ત્યારે તમારે હાજર રહેવું જરૂરી છે, અને કોઈ કારણસર તમે ત્યાં ન હોવ, તો સપ્લાયરે સ્માર્ટ મીટર ઇન્સ્ટોલ ન જ કરવું જોઈએ

- જો ગેસ અને ઇલેક્ટ્રિસિટી બંને માટેના મીટર એક જ સમયે બદલવામાં આવતા હોય, તો તે માટે આશરે બે કલાકનો સમય લાગશે. જો એક જ મીટર હોય, તો તે ઝડપી થઈ શકે છે

- સ્માર્ટ મીટર ઇન્સ્ટોલ થઈ રહ્યું હોય ત્યારે થોડા સમય માટે ઉર્જા સપ્લાય બંધ કરવામાં આવશે. જો તમે જેમની સંભાળ લો છો તે વ્યક્તિને કોઈ સ્વાસ્થ્ય સ્થિતિને અનુલક્ષીને ઉર્જા જરૂરી હોય, તો જ્યારે તમે એપોઇન્ટમેન્ટ નક્કી કરો ત્યારે તે ઉર્જા સપ્લાયરને જણાવો.



## તમે જેમની સંભાળ લો છો તેમની મદદ કરવામાં તમારી સહાયતા

સ્માર્ટ મીટર સથે, તમે - અને તમે જેમની સંભાળ લો છો તે વ્યક્તિ - તમારા ઉર્જા વપરાશ પર બારીક ચાંપતી નજર રાખી શકો છો જેથી તમને તમારા ઘરેલુ બજેટ સેટ કરવામાં મદદ મળી શકે. પરંતુ અમે જાણીએ છીએ કે જ્યારે એનર્જી સપ્લાયર સાથે વ્યવહાર કરવાનો હોય ત્યારે ઘણા સંભાળકર્તાઓને વધુ સપોર્ટથી લાભ મળી શકે છે.

## એક નામિત તૃતીય-પક્ષ બનો

જો તમારે તમે જેમની સંભાળ લો છો તેમના માટે નિર્ણયો લેવાના હોય અને તેમના માટે બિલ ભરવાના હોય, તો તેમના વતી એક નામિત તૃતીય-પક્ષ બનવાથી તમને મદદ મળી શકે છે. તમારે શું કરવાની જરૂર છે તે જાણવા માટે તેમના એનર્જી સપ્લાયરનો સંપર્ક કરો.

## સલામત સ્માર્ટ મીટર ઇન્સ્ટોલેશન

સંવેદનશીલ ગ્રાહકોની સુરક્ષા માટે, ઘણા સપ્લાયરો પાસવર્ડ સ્કીમનો ઉપયોગ કરતાં હોય છે. જ્યારે તમે ઇન્સ્ટોલેશન એપોઇન્ટમેન્ટ નક્કી કરો છો, ત્યારે તમે સપ્લાયર સાથે એક પાસવર્ડ નિર્ધારિત કરી શકો છો. પછી મીટર ઇન્સ્ટોલ કરનાર વ્યક્તિએ ઘરમાં આવવા માટે તમને - અથવા તમે જેમને સપોર્ટ કરો છો તે વ્યક્તિને - તે પાસવર્ડ કહેવો જરૂરી છે.



## પ્રાયોરિટી સર્વિસ રજીસ્ટર (PSR) માટે સાઇન-અપ કરવું

તમે જે વ્યક્તિની સંભાળ લો છો તેમને પ્રાયોરિટી સર્વિસ રજીસ્ટર (PSR) પર લેવા એક સારો વિચાર હોઈ શકે છે.

PSR એક નિ:શુલ્ક અને સ્વૈચ્છિક સિસ્ટમ છે જેનો અર્થ એમ છે કે સૌથી વધુ સંવેદનશીલ ગ્રાહકો એનર્જી સપ્લાયરો પાસેથી યોગ્ય સપોર્ટ મેળવે. તેમાં કોઈ પણ આયોજિત સેવા વિક્ષેપો અંગે આગોતરી નોટિસ અથવા પાવર કાપમાં અગ્રિમતા શામેલ હોઈ શકે છે.

એકવાર કોઈ વ્યક્તિ PSR પર આવી જાય, પછી તેઓ મોટા-ફોર્મેટમાં અથવા બ્રેઇલ બિલની વિનંતી પણ કરી શકે છે, અથવા એકાઉન્ટ સ્ટેટમેન્ટ કે બિલને તેમના બદલે તમને - અથવા એક જ સમયે તમને બંનેને મોકલવાનું પણ કહી શકે છે.

જો તમને લાગતું હોય કે તમે જેમને સપોર્ટ કરો છો તેમને PSR પર મૂકવાથી મદદ મળશે, તો વધુ જાણવા માટે તેમના એનર્જી સપ્લાયરનો સંપાર્ક કરો.

## વધુ માહિતી

કેરર્સ UK વેબસાઇટ પર સેવાનો ઉપયોગ કરવાની અથવા પાવર ઓફ એટર્ની ગોઠવવાની ટિપ્સ સહિતની ઘણી વધુ માહિતી છે: carersuk.org/tips-from-carers

## આગળ શું કરવું

આજે જ સર્ચ કરો '**get a smart meter**'. અથવા તમે જેમની સંભાળ લો છો તેમના એનર્જી સપ્લાયરનો સંપર્ક કરો અને પૂછો કે શું તેઓ સ્માર્ટ મીટર મેળવી શકે છે.

તમને તેમના બિલ પરથી સંપર્ક વિગતો મળી શકે છે. અથવા કેટલાક સપ્લાયરના ફ્રી-ફોન અને ટેક્સ્ટફોન નંબર શોધવા માટે, મુલાકાત લો:
smartenergyGB.org/supplier-free-phone-numbers

કેરર્સ UK એ ઇંગ્લેન્ડ અને વેલ્સ (246329) અને સ્કોટલેન્ડ (SC039307) માં રજીસ્ટર થયેલ સખાવતી સંસ્થા છે અને ઇંગ્લેન્ડ અને વેલ્સ (864097) માં રજીસ્ટર થયેલ એક ગેરંટી દ્વારા લિમિટેડ કંપની છે.

# તમે જેમની સંભાળ લો છો તેમને સ્માર્ટ મીટર અંગે મદદ કરવામાં તમારી સહાયતા

carersUK
making life better for carers

smart meters
Join the energy revolution

વિષયવસ્તુની ચોકસાઈ એપ્રિલ 2022 મુજબ છે.